

ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 19
Issue : 068
Dt.: 18-11-2026, Wednesday
Page : 04
Rs.00.50 paisa
AHMEDABAD EDITION

હોર્મુઝમાં ઓઈલ ટેન્કર પર વધુ એક હુમલો

ઓમાન નજીક ઓઈલ ટેન્કર પર હુમલો, ૨૪ કલાકમાં ચોથી ઘટના

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર વૈશ્વિક લેવલે જોવા મળી રહી છે. તેમાં સમુદ્રી માર્ગો પણ હવે સુરક્ષીત નથી રહ્યા. હવે ફરી એકવાર હોર્મુજ સ્ટેટમાંથી પસાર થઈ રહેલા જહાજ પર હુમલાની ઘટના સામે આવી છે. સામે આવેલી માહિતી અનુસાર ઓમનની પાસે

જહાજ પર થયેલા હુમલા અંગે ઈરાની સેનાએ કહ્યું કે, આ જહાજ પ્રતિબંધિત વિસ્તારમાં નેવિગેશન બંધ કરીને પસાર થઈ રહ્યું હતું

સ્ટ્રેટ ઓફ હોર્મુજ પાસેથી પસાર થઈ રહેલું એક તેલ ટેન્કર નૌસૈનિક બારુદી સુરંગ સાથે અથડાયું હતું જે બાદ તેમાં આગ ફાટી નિકળી હતી. આ વાતની માહિતી UKMTO એ એક્સ પર આપી હતી. આ વિસ્તારમાં હુમલા સતત વધી રહ્યા છે. આ પહેલા પણ આવી ઘટના સામે આવી ચૂકી છે.ઈરાન આ પહેલા ઘણી વખત ચેતવણી આપી ચૂક્યું છે. ખાસ કરીને શિપિંગ ઓપરેટરોને કડક ચેતવણી આપી હતી તેઓ આ વિસ્તારમાં પ્રવેશ ન કરે. જ્યારથી અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુદ્ધ શરુ થયું ત્યારથી આ વિસ્તાર યુદ્ધનો અખાડો બની ગયું છે.જહાજ પર થયેલા હુમલા અંગે ઈરાની સેનાએ કહ્યું કે, આ જહાજ પ્રતિબંધિત વિસ્તારમાં નેવિગેશન બંધ કરીને પસાર થઈ રહ્યું હતું.

નિયમોનો ભંગ કરીને આ જહાજ સ્ટ્રેટ ઓફ હોર્મુજના પૂર્વમાંથી પસાર થઈ રહ્યું હતું. તો બીજી તરફ ઈરાની નૌસેનાએ કહ્યું કે, આ હુમલામાં જહાજને ભારે નુકસાન થયું છે. તેમના એન્જીનમાં આગ લાગી ગઈ છે. જોકે કોઈના મોતના અહેવાલ નથી.બ્રિટનના સમુદ્રી વેપાર સંગઠને કહ્યું કે, છેલ્લા 24 કલાકમાં આ વિસ્તારમાં જહાજો પર હુમલાની આ ચોથી ઘટના બની છે. તમને જણાવી દઈએ કે, ઈરાન અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. જેના કારણે તેલના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. ભારત પણ આ જ રસ્તેથી વિપુલ પ્રમાણમાં તેલની આયાત કરે છે. ઈરાન પર ટ્રમ્પે કરેલા હુમલાની અસર વૈશ્વિક બજારો પર પડી છે.



સોફ્ટવેરની ખામીએ અમેરિકાની બેંકોની ઊંઘ ઉડાવી

અમેરિકાની મોટી બેંકોની ઓનલાઈન સેવાઓ ખોરવાઈ, ટ્રાન્ઝેક્શન પ્રક્રિયા ધીમી પડી

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

સોફ્ટવેર બગથી અમેરિકન બેંકોને અસરઃ ટ્રાન્જેક્શન ધીમા થયા-લોકોના પૈસા અટક્યા; અગાઉ માઈક્રોસોફ્ટ-ફ્લાઈટ સેવાઓ ઠપ થઈ હતી. ન્યૂયોર્કઃ અમેરિકામાં માળખાકીય સુવિધાઓ અને ડિજીટલ સિસ્ટમ પર સતત સંકટના વાદળો જોવા મળી રહ્યા છે. શુક્રવારે મોટાપાયે હવાઈ સેવા ઠપ થવા અને માઈક્રોસોફ્ટ આઉટેજ બાદ સોમવારે અમેરિકાની સૌથી મોટી બેંકોની ઓનલાઈન સેવાઓ ઠપ પડી હતી. બીજી તરફ યુનાઈટેડ એરલાઈન્સની સિસ્ટમમાં પણ ટેક્નિકલ ખામી સામે આવતા ફરી હવાઈ મુસાફરોની મુશ્કેલીમાં વધારો થયો હતો.ન્યૂયોર્કઃ અમેરિકામાં માળખાકીય સુવિધાઓ અને ડિજીટલ સિસ્ટમ પર સતત સંકટના વાદળો જોવા મળી રહ્યા છે. શુક્રવારે મોટાપાયે હવાઈ સેવા ઠપ થવા અને માઈક્રોસોફ્ટ આઉટેજ બાદ સોમવારે અમેરિકાની સૌથી મોટી બેંકોની ઓનલાઈન સેવાઓ ઠપ પડી હતી. બીજી તરફ યુનાઈટેડ એરલાઈન્સની સિસ્ટમમાં પણ ટેક્નિકલ ખામી સામે આવતા ફરી હવાઈ મુસાફરોની મુશ્કેલીમાં વધારો થયો હતો. જોકે, અમુક કલાક બાદ એરલાઈન્સે સિસ્ટમમાં સુધાર કર્યો હતો.અમેરિકામાં ઘણી બેંકોનાં ગ્રાહકોને સોમવારે ઓનલાઈન એક્સેસ કરવા કે નાણાકીય વ્યવહારો મામલે સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો હોવાની ફરિયાદો મળી હતી. બેંક ઓફ અમેરિકા, ચેઝ, જેપી મૉર્ગન, યુએસ બેંક, વેલ્સ ફાર્ગો અને ડિજીટલ પેમેન્ટ પ્લેટફોર્મ Zelleનાં યૂઝર્સને સેવાઓમાં સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. દેશની સૌથી મોટી બેંક જેપી મૉર્ગન ચેઝનાં આંતરિક હાર્ડવેર સિસ્ટમમાં સોફ્ટવેરમાં સર્જાયેલ ખામીને કારણે લેવડ-દેવડ પ્રક્રિયાઓમાં વિલંબ થયો હતો. તેની અસર બેંક ઓફ અમેરિકા, સિટી ગ્રુપ સહિત બીજી બેંકોના ગ્રાહકો પર પણ પડી હતી. કારણ કે, તમામ બેંકોમાં ટ્રાન્ઝેક્શનની ગતિમાં ઘણો ઘટાડો જોવા મળ્યો હતો. ચેઝ એ આ ખામી સર્જાવવા પાછળ કોઈપણ પ્રકારના સાયબર હુમલાનો ઈન્કાર કર્યો હતો. ચેસ અમેરિકાનાં ૮.૬ કરોડથી વધુ ગ્રાહકોને સેવા આપે છે. તેની ૫ હજાર બ્રાન્ચ છે અને અમેરિકાનાં કુલ ડિપોઝિટનો ૧૦ ટકાથી વધુ ભાગ તેની પાસે છે. તેથી માત્ર ૫ હજાર જેટલી ફરિયાદોથી અસરના વ્યાપનો અંદાજ લગાવી શકાય નહીં.

મીનાબ હુમલાને લઈને ઈરાનની અમેરિકાને ખુલ્લી ચેતવણી

'અમે તમને શોધી કાઢીશું', બે અમેરિકી નેવી અધિકારીઓને ઈરાનની ધમકી

મીનાબ સ્કૂલ પર મિસાઈલ હુમલામાં ૧૬૮ લોકોનાં મોતનો આરોપ, ઈરાને બે અમેરિકી અધિકારીઓને નિશાન બનાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

મિનાબ હુમલાનો આદેશ આપનારા ૨ અમેરિકી અધિકારીઓને ઈરાને ચેતવણી આપી, 'અમે તમને શોધી કાઢીશું'. ઈરાને બે યુએસ નેવી અધિકારીઓને ખુલ્લી ચેતવણી આપી છે. દક્ષિણ આફ્રિકામાં ઈરાની દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક નિવેદન બહાર પાડયું, જેમાં બંને અધિકારીઓ પર ફેબ્રુઆરીમાં થયેલા સંઘર્ષ દરમિયાન મીનાબ સ્કૂલ પર થયેલા હુમલામાં સંડોવણીનો આરોપ મૂકવામાં આવ્યો, જેમાં ૧૬૮ બાળકો માર્યા ગયા.ઈરાને સ્પષ્ટપણે કહ્યું છે કે તે બંનેનો શિકાર કરશે.ઈરાને બે યુએસ નેવી અધિકારીઓને ખુલ્લી ચેતવણી આપી છે.

દક્ષિણ આફ્રિકામાં ઈરાની દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક નિવેદન બહાર પાડયું, જેમાં બંને અધિકારીઓ પર ફેબ્રુઆરીમાં થયેલા સંઘર્ષ દરમિયાન મીનાબ સ્કૂલ પર થયેલા હુમલામાં સંડોવણીનો આરોપ મૂકવામાં આવ્યો, જેમાં ૧૬૮ બાળકો માર્યા ગયા.ઈરાને સ્પષ્ટપણે કહ્યું છે કે તે બંનેનો શિકાર કરશે. દૂતાવાસે આઠ મહિના જૂની પોસ્ટ પણ ફરીથી શેર કરી છે જેમાં યુએસ અધિકારીઓને "ગુનેગારો" તરીકે વર્ણવવામાં આવ્યા હતા.

પોતાની પાછલી પોસ્ટને ટાંકીને, દૂતાવાસે ચાર શબ્દોમાં લખ્યું, 'અમે તમને શોધીશું.' દૂતાવાસે આ અધિકારીઓની ઓળખ કમાન્ડર લી આર. ટેટ (યુએસએસ સ્પ્રુન્સના કમાન્ડિંગ ઓફિસર) અને લેફ્ટનન્ટ કમાન્ડર જેફરી ઈ. યોર્ક (તે જ યુદ્ધ જહાજના એક્ઝિક્યુટિવ ઓફિસર) તરીકે કરી.૨૮ માર્ચની પોસ્ટમાં લખ્યું હતું કે, "આ બે ગુનેગારોને યાદ રાખો. યુએસએસ સ્પ્રુન્સના કમાન્ડર લી આર. ટેટ અને એક્ઝિક્યુટિવ ઓફિસર જેફરી ઈ. યોર્ક, જેમણે ત્રણ ટોમાહોક મિસાઈલો છોડવાનો આદેશ આપ્યો હતો."ફેબ્રુઆરીમાં ઈરાન સામે યુએસ-ઈઝરાયલ યુદ્ધની શરૂઆતમાં, એક યુએસ મિસાઈલ મીનાબમાં શજારે તૈયબેહ સ્કૂલ પર હુમલો કર્યો, જેમાં ૧૨૩ બાળકો સહિત ઓછામાં ઓછા ૧૬૮ લોકો માર્યા ગયા.

યુરોપના નિર્ણયથી ભારતીય સ્ટીલ ઉદ્યોગને ફટકો

યુરોપિયન યુનિયને ભારત સહિત પાંચ દેશોના સ્ટીલ પર ડ્યુટી લાદી

ભારત પર ૯.૫ ટકા, જાપાન પર ૭.૯ ટકા તુર્કી પર ૩થી ૭ ટકા અને વિયેતનામ પર ૧૬ ટકા એન્ટિ ડમ્પિંગ ડ્યુટી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યુરોપીયન યુનિયને સોમવારે ભારત અને બીજા ચાર દેશો પર કોલ્ડ રોલ્ડ ફ્લેટ સ્ટીલની આયાતને લઈને એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લાદી છે. આ ડ્યુટી ત્રણ ટકાથી લઈને ૨૭.૯ ટકા વચ્ચેની છે. ઈયુની તપાસમાં જાણવા મળ્યું હતું કે યુરોપીયન યુનિયનમાં કોલ્ડ રોલ્ડ ફ્લેટ સ્ટીલનું ડમ્પિંગ પ્રાઈસે વેચાણ કરાતું હતું.ભારત પર ૯.૫ ટકા, જાપાન પર ૨૭.૯ ટકા તાઈવાન પર ૨૦.૭થી ૨૭ ટકા, તુર્કી પર ૩થી ૭ ટકા, વિયેતનામ પર ૧૬ ટકા એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લદાઈ છે. યુરોપીયન પંચે જણાવ્યું હતું કે તેણે કરેલી તપાસ ઘણી મહત્ત્વની છે, કારણ કે આ દિશામાં હાથ ધરવામાં આવેલી આ સૌપ્રથમ તપાસ છે જેણે



કેટલાક દેશોમાં ખાસ પ્રકારની બજાર પરિસ્થિતિનું અસ્તિત્વ હોવાનું પ્રસ્થાપિત કર્યું છે. કેટલાક દેશોમાં તો આ પ્રકારની બજાર પરિસ્થિતિ સામે તપાસ પણ ચાલી રહી છે. તેણે જણાવ્યું હતું કે તેના તારણોની ઈયુના વેપાર સંરક્ષણ પગલાં પર વ્યાપક અસર પડી શકે છે.પંચે જણાવ્યું હતું કે ભારત અને તાઈવાનની અંદર બજારની ખાસ પ્રકારની પરિસ્થિતિ ઈયુમાઁ ઉપયોગમાં લેવામાં આવતાસ્ટીલના ભાવ પર અસર કરે છે તેની સમીક્ષા કરવામાં આવી હતી. ભારતના કિસ્સામાં તેણે જણાવ્યું હતું કે સરકારી પગલાં લોહખનીજના ભાવ પર અસર કરે છે. લોહખનીજ કોલ્ડ રોલ્ડ સ્ટીલના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવામાં આવતો મહત્ત્વનો કાચો માલ છે.તાઈવાનના કિસ્સામાં પંચે જણાવ્યું હતું કે તેના પર ચીનની ઓવર કેપિસિટીની અસર થાય છે. ચીનમાંથી મોટાપાયા પર કોલ્ડ રોલ્ડ ફ્લેટ સ્ટીલની આયાતના લીધે તાઈવાનમાં સ્થાનિક ભાવ નીચે ગયા છે અને તાઈવાનીઝ ઉત્પાદકોની નફાકારકતા નબળી પડી છે.ઈયુના એન્ટિ-ડમ્પિંગના નિયમો મુજબ પંચને જ્યારે લાગે કે બજારની સ્થિતિ સ્થાનિક અને નિકાસ ભાવ વચ્ચેની તુલના કરવા યોગ્ય લાગતી નથી ત્યારે પ્રોડક્ટના સ્થાનિક વેચાણ ભાવ પર આધારિત રહેવાના બદલે પ્રોડક્ટના સામાન્ય ભાવનું મૂલ્ય જાતે નક્કી કરી શકે છે.

સિક્કિમમાં ચીનના વિમાનની ઘૂસણખોરીનો ચોંકાવનારો દાવો

ચીનનું યુદ્ધ વિમાન ભારતીય એરસ્પેસમાં ઘૂસ્યું, ૨૫ મિનિટ સુધી ફર્યું

ચિકન નેક અને ડોકલામ નજીક ૨૫ હજાર ફૂટની ઊંચાઈએ વિમાન દેખાયું, ચેતવણીઓ છતાં પરત ન ફર્યાનો અહેવાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

તાજેતરમાં જ ચીન સરહદે તૈનાત સૈન્ય આઈટીબીપીના વડાએ ચીનની ઘુસણખોરી મુદ્દે ચેતવણી આપી હતી, એવામાં હવે ચીન ભારતના વિસ્તારોમાં યુદ્ધ વિમાન ઘૂસાડી રહ્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે.

એક અહેવાલ મુજબ ચીનના સૈન્યનું એક એરક્રાફ્ટ કથીત રીતે સિક્કિમમાં ભારતીય એરસ્પેસમાં ઘૂસી આવ્યું હતું, એટલુ જ નહીં ૨૦થી ૨૫ મિનિટ સુધી આ એરક્રાફ્ટ ભારતીય એરસ્પેસમાં સિક્કિમ પર જ ફરતું રહ્યું હતું. આ વિસ્તારમાં ચિકન નેક આવેલ છે જે અત્યંત સંવેદનશિલ વિસ્તાર જાહેર કરાયેલ છે.મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીનનું વિમાન ભારતીય સરહદમાં ઘુસવાની આ ઘટના ૧૨મી તારીખની એટલે કે

ગત સપ્તાહની છે. જે વિસ્તારમાં આ ચીનનું એરક્રાફ્ટ ઘૂસ્યું હતું તેને અતિ સંવેદનશીલ માનવામાં આવે છે, સિલિગુડી કોરિડોર એટલે કે ચિકન નેક તરીકે ઓળખાતા આ વિસ્તાર નજીક જ ચીનનું આ એરક્રાફ્ટ જોવા મળ્યું હતું. સુત્રોના જણાવ્યા મુજબ વહેલી સવારે આઠ વાગ્યા આસપાસ ઈન્ડિયન એરફોર્સે ચીનના આ વિમાનની ઘૂસણખોરીની નોંધ લીધી હતી. બાદમાં અનેક ચેતવણીઓ પણ જારી કરવામાં આવી હતી તેમ છતા યુદ્ધ વિમાન પરત નહોતું જઈ રહ્યું. આશરે ૨૫,૦૦૦ ફૂટની ઉંચાઈ પર આ ચીની વિમાન ડિટેક્ટ થયું હતું.જે વિસ્તારમાં આ ચીનનું વિમાન જોવા મળ્યું ત્યાં ચિકન નેક તરીકે ઓળખાતો વિસ્તાર આવેલો છે. આ વિસ્તાર ચીન, નેપાળ, ભૂતાન, બાંગ્લાદેશ નજીક આવેલો છે અને માત્ર ૨૦થી ૨૨ કિમી સુધીનો જ છે. સુરક્ષાને લઈને આ વિસ્તાર અત્યંત સંવેદનશિલ માનવામાં આવે છે કેમ કે આ વિસ્તાર જ ભારતને પૂર્વોત્તર બાજુના કેટલાક રાજ્યો સાથે જોડે છે. જે સિક્કિમમાં ચીનનું આ યુદ્ધ વિમાન જોવા મળ્યું તે દોકલામ નજીક આવેલ છે. ૨૦૧૭માં ચીન અને ભારતીય સૈન્ય બન્ને આ વિસ્તારમાં સામસામે આવી ગયા હતા. જોકે ચીનના યુદ્ધ વિમાનો ભારતની સરહદમાં ઘૂસવાની આ કોઈ પ્રથમ ઘટના નથી, જૂન ૨૦૨૨માં લદ્દાખમાં પણ ચીનનું એક યુદ્ધ વિમાન જોવા મળ્યું હતું. લદ્દાખ સરહદે જ્યારે બન્ને દેશોના સૈનિકો સામસામે આવી ગયા હતા ત્યારે પણ ચીનના સૈન્ય હેલિકોપ્ટર જોવા મળ્યા હતા. ઉત્તરાખંડના બારાહોતી વિસ્તારમાં ૨૦૧૭માં ચીનના બે ચોપર પ્રવેશ્યા હતા.



તંત્રી લેખ.....

હિન્દુત્વ રાજકારણનું કેન્દ્રિય ધરી બની રહ્યું છે

આઝાદી પછી, ભારતીય રાજકારણમાં એક એવો પ્રવાહ આવ્યો છે જેનું સ્વપ્ન હિન્દુત્વને રાજકારણના કેન્દ્રમાં લાવવાનું હતું. આ સ્વપ્ન ભાજપના રાષ્ટ્રીય ઉદય સાથે પૂર્ણ થયું. આમ છતાં, રાજકારણનો એક મોટો વર્ગ હજુ પણ ધર્મનિરપેક્ષતાના આડમાં લઘુમતી-કેન્દ્રિત રાજકારણ કરે છે. આ જ કારણ છે કે ધર્મનિરપેક્ષતાને સ્યુડો-સેક્યુલરિઝમ તરીકે ઓળખવામાં આવે છે. જો કોઈ ધર્મનિરપેક્ષ રાજકારણનો સમર્થક રામ મંદિરની મુલાકાતની જાહેરાત કરે છે, તો તે કોઈ નાની વાત નથી. ૧૨ ડિસેમ્બરે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની રામ મંદિરની મુલાકાત રાજકારણમાં પરિવર્તનનું પ્રતીક છે. રાજકીય પ્રવાહનું પ્રતિનિધિત્વ કરતા અખિલેશ રામ મંદિરના નિર્માણમાં ભાગ લીધો ન હતો અને ન તો અયોધ્યા માળખાના ધ્વંસને સ્વીકાર્યો હતો. છતાં, રામ મંદિરની તેમની મુલાકાત સૂચવે છે કે તેઓ પણ હવે હિન્દુત્વ રાજકારણને તેમના રાજકીય અસ્તિત્વ માટે આવશ્યક માને છે.

ભાજપ આજે હિન્દુત્વ રાજકારણનો પ્રબળ ચહેરો છે, પરંતુ સ્વતંત્રતા પછીના રાજકારણમાં, હિન્દુ મહાસભા અને સ્વામી કરપત્રીની રામ રાજ્ય પરિષદ હિન્દુત્વ રાજકારણનું મૂર્ત સ્વરૂપ હતા. ભાજપના પુરોગામી જન સંઘે પણ આ રાજકીય પરિદૃશ્યમાં ભૂમિકા ભજવી હતી. આ પક્ષોએ ધર્મનિરપેક્ષતાના નામે હિન્દુ સમાજના અધિકારો, પરંપરાઓ અને માન્યતાઓની અવગણના કરવાની તત્કાલીન રાજકારણનો વિરોધ કર્યો હતો. ધર્મનિરપેક્ષતાના આડમાં, હિન્દુત્વ રાજકારણે લઘુમતી તુષ્ટિકરણની રાજનીતિનો વિરોધ કર્યો હતો. જો કે, સમકાલીન રાજકીય ચળવળે તુષ્ટિકરણના વિરોધને લઘુમતી વિરોધી ભાવના તરીકે પ્રચાર કર્યો હતો. પાછળથી, ધર્મનિરપેક્ષતા એક ફેશન બની ગઈ, જ્યાં હિન્દુ પરંપરાઓ અને માન્યતાઓને રૂઢિચુસ્ત તરીકે દર્શાવવાનું પ્રગતિશીલ માનવામાં આવતું હતું. ૨૦૧૪ ની સામાન્ય ચૂંટણીઓ પછી મોદી અને ભાજપના ઉદયમાં હિન્દુત્વ રાજકારણ એક મુખ્ય પરિબળ હતું, પરંતુ રાજકીય સમુદાયના એક મોટા વર્ગે તેને રાજકારણના કેન્દ્ર તરીકે ઓળખવાનું ટાળ્યું. ઘણા ધર્મનિરપેક્ષ પક્ષોએ ભાજપના આ ઉદયને કામચલાઉ માન્યો અને માન્યું કે તે અલ્પજીવી રહેશે. જોકે, તેલંગાણા, તમિલનાડુ અને કેરળ જેવા કેટલાક રાજ્યોને બાદ કરતાં, ભાજપના નેતૃત્વ હેઠળ હિન્દુત્વ રાજકારણનો ઊંડો પ્રભાવ રહ્યો. જ્યારે વિરોધ પક્ષો આને રોકવામાં નિષ્ફળ ગયા, ત્યારે તેમને ખુલ્લેઆમ અને છુપાયેલા બંને રીતે હિન્દુત્વનો આશરો લેવાની ફરજ પડી. ઉદાહરણ તરીકે, ૨૦૧૭ ની ગુજરાત અને ૨૦૧૮ ની કર્ણાટક ચૂંટણી દરમિયાન, રાહુલ ગાંધીએ પવિત્ર દોરો પહેરીને મંદિરોની મુલાકાત લીધી. તેઓ ગુજરાતમાં નિષ્ફળ ગયા, પરંતુ કર્ણાટકમાં સફળ થયા. આ પછી, રાહુલ સ્યુડો-સેક્યુલર વલણ તરફ પાછા ફર્યા.

જ્યારે મુલાયમ સિંહ યાદવ પહેલીવાર ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી બન્યા, ત્યારે ભાજપે તેમને ટેકો આપ્યો. બાદમાં, તેમનો સમગ્ર રાજકીય વલણ ભાજપ વિરોધી હતો. ૧૯૯૦માં, જ્યારે લાલકૃષ્ણ અડવાણીએ રામ મંદિરના સમર્થનમાં રથયાત્રા શરૂ કરી, ત્યારે જનતા દળ (યુનાઇટેડ) ના નેતાઓ, ખાસ કરીને મુલાયમ સિંહ યાદવ અને લાલુ યાદવે અડવાણીની ધરપકડ કરીને મુસ્લિમ સમુદાયના હીરો બનવા માટે સ્પર્ધા કરી. લાલુ યાદવે સમસ્તીપુરમાં અડવાણીની ધરપકડ કરાવી. તેના થોડા સમય પછી, પોલીસે અયોધ્યામાં કાર સેવકો પર ગોળીબાર કર્યો. આ ઘટના પછી, જ્યારે ભાજપ હિન્દુત્વ રાજકારણના કટ્ટર સમર્થક તરીકે ઉભરી આવ્યો, ત્યારે લાલુ અને મુલાયમ સિંહ યાદવ હિન્દુત્વ વિરોધી રાજકારણના અગ્રણી વ્યક્તિઓ તરીકે ઉભરી આવ્યા. બંનેએ પોતપોતાના રાજ્યોમાં સત્તાના હોદ્દા પણ સંભાળ્યા. રાષ્ટ્રીય રાજકારણમાં નરેન્દ્ર મોદીના ઉદયથી છુપી ધર્મનિરપેક્ષતાના ફુગ્ગામાં ભંગાણ પડ્યું. આજે, ભાજપ વિરોધી પક્ષો ભાજપના હિન્દુત્વના પીચ પર બેટિંગ કરે કે પોતાનું પોતાનું પીચ બનાવવું તે અંગે અનિશ્ચિત છે. અખિલેશનું રાજકારણ સૂચવે છે કે, સત્તા માટે અંતર ભરવા માટે, તેઓ ભાજપ દ્વારા બનાવેલા હિન્દુત્વના પીચ પર રમવાની તૈયારી કરી રહ્યા છે.

ઈન્ડોનેશિયામાં ૬.૬ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈન્ડોનેશિયામાં સોમવારે વહેલી સવારે ૬.૬ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ નોંધાતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. યુએસ જિયોલોજિકલ સર્વે (USGS) અનુસાર, ભૂકંપનું કેન્દ્ર ઈન્ડોનેશિયાના તુઆલ શહેરથી આશરે ૧૫૧ કિલોમીટર પશ્ચિમ-દક્ષિણપશ્ચિમ દિશામાં બાંદા સમુદ્રમાં હતું. ભારતીય સમય અનુસાર ૧૬ નવેમ્બરે વહેલી સવારે આશરે ૨:૪૧ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની ઊંડાઈ શરૂઆતમાં આશરે ૩૫ કિલોમીટર નોંધવામાં આવી હતી, જ્યારે બાદમાં ઉપલબ્ધ માહિતી મુજબ તેની ઊંડાઈ આશરે ૬૮ કિલોમીટર હોવાનું સામે આવ્યું હતું. ભૂકંપ બાદ USGSની PAGER સિસ્ટમ દ્વારા 'ગ્રીન એલર્ટ' જાહેર કરવામાં આવ્યું હતું. આ એલર્ટ સામાન્ય રીતે મોટા પાયે જાનમાલ અથવા સંપત્તિના નુકસાનની સંભાવના ઓછી હોવાનું સૂચવે છે. ભૂકંપનું કેન્દ્ર સમુદ્રમાં અને પ્રમાણમાં વધુ ઊંડાઈએ હોવાથી તેની અસર સપાટી પર મર્યાદિત રહી હોવાનું માનવામાં આવે છે. આસપાસના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ પ્રકારના આંચકા અનુભવાયા હોવાના અહેવાલો સામે આવ્યા હતા. ભૂકંપ બાદ ઈન્ડોનેશિયાની હવામાન અને ભૂકંપ સંબંધિત એજન્સી BMKG દ્વારા પણ સ્થિતિ પર નજર રાખવામાં આવી હતી. સત્તાવાર માહિતી મુજબ આ ભૂકંપથી સુનામીનું કોઈ જોખમ નથી. હાલ સુધી પ્રાપ્ત અહેવાલો મુજબ ભૂકંપના કારણે કોઈ મોટી જાનહાનિ કે વ્યાપક સંપત્તિના નુકસાનના સમાચાર સામે આવ્યા નથી. દરિયાકાંઠાના વિસ્તારોમાં કેટલાક લોકોને આંચકા અનુભવાયા હતા, પરંતુ મોટા પાયે માળખાકીય નુકસાન નોંધાયું નથી. ઈન્ડોનેશિયા પેસિફિક મહાસાગરના સક્રિય ભૂકંપીય વિસ્તાર 'રિંગ ઓફ ફાયર'નો મહત્વપૂર્ણ હિસ્સો છે. આ વિસ્તારમાં અનેક ટેક્ટોનિક પ્લેટો વચ્ચે સતત હિલચાલ અને અથડામણ થતી હોવાથી વારંવાર ભૂકંપ આવે છે.બાંદા સમુદ્ર પણ ભૂકંપીય રીતે સક્રિય વિસ્તારમાં આવેલો છે. આ વખતે ભૂકંપનું કેન્દ્ર સમુદ્રમાં અને નોંધપાત્ર ઊંડાઈએ હોવાથી તેની વિનાશક અસર મર્યાદિત રહી હોવાનું માનવામાં આવે છે. જોકે, સ્થાનિક તંત્ર દ્વારા વિસ્તારની ભૂકંપીય ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી રહી છે.

આનંદીબેન પટેલના રાજીનામાને મુદ્દે પાટીદાર નેતાઓમાં બે ફાંટાઃ કોઈને રંજ તો કોઈ ને લાગ્યુ પાટીદાર નેતાઓને ખતમ કરવાનુ ષડયંત્ર

આંદોલનના બહાને આપણે એક સારા પાટીદાર સીએમ ગુમાવ્યાઃ દિનેશ બાંભણીયા હાર્દિક પટેલે બાંભણીયાના નિવેદનથી છેડો ફાડયોઃ આંદોલનથી કોઈએ રાજીનામુ નથી આપવુ પડયું

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં ૧૧ વરસ પહેલા થયેલા ઐતિહાસિક પાટીદાર અનામત આંદોલન ના પડઘા આજે ફરી એકવાર ગાંધીનગર થી લઈને સૌરાષ્ટ્ર સુધી સંભળાઈ રહ્યા છે. રાજકોટ જિલ્લાના જસદણ ખાતે યોજાયેલા પાટીદાર સંમેલનના મંચ પરથી પાટીદાર આગેવાન દિનેશ બાંભણીયાએ પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ને મુખ્યમંત્રી પદેથી હટાવ્યાનો અફસોસ વ્યકત કરીને જાહેરમાં માફી માંગતા રાજયના રાજકારણમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

આ એક નિવેદન બાદ પાટીદાર અનામત આંદોલન સાથે જોડાયેલા તત્કાલીન ચહેરાઓ અને વર્તમાન રાજકીય નેતાઓ સામ સામે આવી ગયા છે. જસદણના સંમેલન બાદ મીડીયા સાથેની ખાસ વાતચીતમાં દિનેશ બાંભણીયાએ પોતાના નિવેદન પર સ્પષ્ટતા કરતા અત્યંત ભાવુક અને ગંભીર વાતો રજુ કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે પાટીદાર આંદોલનથી સમાજને બે મોટા નુકશાન થયા છે. એક તરફ આંદોલનમાં સમાજના ૧૪ આશાસ્પદ દિકરાઓ શહિદ થયા અને અનેક યુવાનોને જેલવાસ ભોગવવો પડયો, તો બીજી તરફ આંદોલનના બહાને આપણે એક સારા અને મજબુત પાટીદાર મુખ્યમંત્રી



ગુમાવ્યા, બાંભણીયાએ પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના રાજીનામાને સમાજ માટે મોટુ નુકશાન ગણાવતા કહ્યુ હતુ કે આનંદીબેનને દુર કરીને સમાજને નુકશાન થયુ છે તેથી જ મેં જાહેરમાં આનંદીબેન પટેલની માફી માંગી છે. જો કે તેમણે એ પણ સ્પષ્ટ કહ્યુ હતુ કે તેમના આ નિવેદનથી આગામી ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી પર કોઈ અસર નહી પડે, દિનેશ બાંભણીયાના પ્રાયશ્ચિત અને માફીના નિવેદનથી ભાજપના ધારાસભ્ય અને તત્કાલીન આંદોલનના મુખ્ય ચહેરા હાર્દિક પટેલે સ્પષ્ટપણે છેડો ફાડી લીધો છે.

હાર્દિક પટેલે બાંભણીયાના નિવેદનને તેમનુ અંગત મંતવ્ય ગણાવતા કહ્યુ હતુ કે પાટીદાર આંદોલન કોઈ વ્યકિત કે મુખ્યમંત્રીને હટાવવા માટે ન હતું, પરંતુ સમગ્ર સમાજના હિત અને અધિકાર માટે હતું. આંદોલનને કારણે કોઈએ રાજીનામુ આપવુ પડયુ નથી. ઉલ્ટાનુ આ આંદોલનના કારણે જે દેશના બિન અનામત વર્ગને ૧૦ ટકા ઈડબલ્યુએસ અનામતનો ઐતિહાસિક લાભ મળ્યો છે. આ સમગ્ર વિવાદમાં સરદાર પટેલ ગૃપ ના અધ્યક્ષ લાલજી પટેલે પણ ઝંપલાવ્યુ હતું. તેમણે આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે હું ૧૧ વરસથી અપીલ કરતો આવ્યો છું કે પાટીદાર નેતાઓનો વિરોધ ન કરો, પરંતુ ૧૧ વરસ બાદ આજે લોકોને સાચા નેતાની ઓળખ થઈ છે. લાલજી પટેલે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે તે સમયે પાટીદાર નેતાઓને રાજકીય રીતે ખતમ કરવાનુ મોટુ ષડયંત્ર રચાયુ હતું અને તેમાં પાટીદાર નેતાઓનો ભોગ લેવાયો હતો. તેમણે આનંદીબેન પટેલની વહિવટી પકકડ મજબુત હોવાનુ સ્વીકારતા ટકોર કરી કે હવે પસ્તાવો કરવાને બદલે સમાજના બાકી રહેલા પ્રશ્નો અને આંદોલન પર ધ્યાન આપવાની જરૂર છે. કોંગ્રેસ નેતા અને પૂર્વ ધારાસભ્ય લલીત વસોયાએ આનંદીબેન પટેલને મુખ્યમંત્રી પદેથી હટાવ્યાનો અફસોસ વ્યકત કરવાની સાથે જ બાંભણીયાના દાવાને પાયાવિહોણો ગણાવ્યો હતો. વસોયાએ સ્પષ્ટ કહ્યુ હતુ કે પાટીદાર આંદોલન આનંદીબેન પટેલની સામે ન હતું અને તેમને હટાવવા માટે કોઈ રણનીતી ઘડાઈ ન હતી. તો બીજી તરફ પાટીદાર અનામત આંદોલન સમિતિના અગ્રણી ગીતા પટેલે પણ બાંભણીયાના નિવેદન પર પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે તેમણે સામાજિક મંચ પરથી પોતાનુ દુઃખ વ્યકત કર્યુ છે. કેટલાય લોકો એવુ માને છે કે આંદોલનના કારણે રાજીનામુ થયુ પરંતુ આનંદીબેનના રાજીનામાના દોષિત અમે આંદોલનકારીઓ નથી. ભાજપના આંતરીક વિખવાદ ને કારણે આનંદીબેન પટેલે રાજીનામુ આપવુ પડયુ હતું. અમારૂ આંદોલન સમાજને અનામત અપાવવા માટે હતું. કોઈ મુખ્યમંત્રી ને હટાવવા માટે ન હતું. આંદોલનમાં અનેક યુવાનોએ જીવ ગુમાવ્યો અને પરીવારોએ પોતાના દિકરા ગુમાવ્યા એ વાતનુ અમને સૌને ઉંડું દુઃખ છે.

ટ્રેન ખાલી હોવાથી મોટી જાનહાનિ ટળી

હૈદરાબાદના રેલવે સ્ટેશન પર ભયાનક આગ! ૭ બોગી લપેટમાં



(સંપૂર્ણ સમાચાર સેવા)હૈદરાબાદ

હૈદરાબાદના ચર્લાપલ્લી રેલવે સ્ટેશન પર સોમવારે સાંજે ભયાનક આગની ઘટના સામે આવી હતી. પ્લેટફોર્મ નંબર ૫ અને ૬ વચ્ચે મેન્ટેનન્સ માટે ઊભી રાખવામાં આવેલી એક ખાલી ટ્રેનના કોચમાં અચાનક આગ લાગી હતી. આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી આસપાસના કોચને પણ લપેટમાં લીધા હતા. કુલ સાત બોગી આગથી પ્રભાવિત થઈ હતી, જેમાં ઓછામાં ઓછી ત્રણ બોગી સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હોવાનું જણાવાયું છે.દક્ષિણ મધ્ય રેલવેના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રેનને મેન્ટેનન્સના કામ માટે પ્લેટફોર્મ નંબર ૫ અને ૬ વચ્ચે ઊભી રાખવામાં આવી હતી. સોમવારે સાંજે આશરે ૬:૩૦ વાગ્યે એક બોગીમાં આગ લાગી હતી. આગની જાણ થતાં જ ૬:૩૫ વાગ્યે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. શરૂઆતમાં એક કોચ સુધી મર્યાદિત રહેલી આગ ઝડપથી બાજુની બોગીઓ સુધી ફેલાઈ ગઈ હતી. આગની ગંભીરતા જોતા રેલવે કર્મચારીઓ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. આગ અન્ય ટ્રેનો સુધી ન ફેલાય તે માટે અસરગ્રસ્ત બોગીઓને અલગ કરવામાં આવી હતી. સાવચેતીના ભાગરૂપે વીજળીનો પુરવઠો પણ બંધ કરવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડની ભારે જહેમત બાદ સાંજે લગભગ ૭:૧૫ વાગ્યા સુધીમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. રેલવે પોલીસ અને અધિકારીઓએ પણ સમગ્ર કામગીરી પર નજર રાખી હતી. આ ઘટનામાં સૌથી મોટી રાહત એ રહી કે આગ લાગી ત્યારે ટ્રેન સંપૂર્ણપણે ખાલી હતી. બોગીઓમાં કોઈ મુસાફર હાજર ન હોવાથી કોઈ જાનહાનિ કે ઈજાના સમાચાર મળ્યા નથી. સ્ટેશન પર હાજર લોકોને પણ સાવચેતીના ભાગરૂપે સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

માફી તો આનંદીબેને માંગવાની હોયઃ મનોજ પનારાએ દિનેશ બાંભણીયાના નિવેદન પર વળતો જવાબ આપી કહ્યું: ૧૪ પાટીદાર યુવાનોએ જીવ ગુમાવ્યાઃ સમાજની બેન-દિકરીઓ સાથે મારામારી થઈ અને અપશબ્દો પણ બોલવામાં આવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

આનંદીબેન પટેલને મુખ્યમંત્રી પદેથી હટાવવા પાછળ પાટીદાર અનામત આંદોલન જવાબદાર હોવાના મુદ્દે પાટીદાર આગેવાનો વચ્ચે નિવેદનબાજી તેજ બની છે. પાટીદાર આંદોલન સમિતિના આગેવાન દિનેશ બાંભણીયાએ પાટીદાર આંદોલનના કારણે સારા મુખ્યમંત્રી આનંદીબેન પટેલને ગુમાવ્યાનો રંજ વ્યકત કર્યો હતો. સાથે જ આનંદીબેન પટેલ સમય આપે તો તેમની માફી માંગવા જવાની વાત પણ જાહેર મંચ પરથી કરી હતી. હવે આ નિવેદનનો પાટીદાર આંદોલન સમિતિના પ્રવકતા મનોજ પનારાએ જવાબ આપ્યો છે.

મનોજ પનારાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે માફી પાટીદાર આંદોલન સમિતીએ નહી , પરંતુ આનંદીબેન પટેલે પાટીદાર સમાજની માંગવી જોઈએ. તેમણે આનંદીબેન પટેલના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન બનેલી ઘટનાઓનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે તે સમયે ૧૪ પાટીદાર યુવાનોએ જીવ ગુમાવ્યા હતા. આ ઉપરાંત પાટીદાર સમાજની બેન-દિકરીઓ સાથે મારામારી કરવામાં આવી હતી અને અપશબ્દો બોલવામાં આવ્યા હતા. મનોજ પનારાએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે આનંદીબેન પટેલને મુખ્યમંત્રી પદેથી હટાવવા પાછળ પાટીદાર આંદોલન નહી, પરંતુ ભાજપનુ આંતરીક રાજકારણ જવાબદાર હતું. ભાજપની આંતરીક જુથબંધીના કારણે આનંદીબેન પટેલનો ભોગ લેવાયો હતો. તેમણે સવાલ ઉઠાવ્યો કે જો આનંદીબેન પટેલે પાટીદારો પર અત્યાચાર કરાવ્યા ન હોત તો પછી આ અત્યાચાર કોણે કરાવ્યા હતા ? આ સવાલનો જવાબ આનંદીબેન પટેલને પુછવો જોઈએ. આમ દિનેશ બાંભણીયાના માફી માંગવાના નિવેદન સામે મનોજ પનારાએ પાટીદાર સમાજ પર થયેલા કથિત અત્યાચારોનો મુદ્દો ઉઠાવીને પોતાનો વિરોધ વ્યકત કર્યો હતો.



યુસુફ પઠાણ જેવા બીજેપીના વોશિંગ મશીનમાં દાખલ થયા કે તેમના પાપ ધોવાઈ ગયાઃ અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ક્રિકેટર યુસુફ પાઠણને પ્લોટ ફાળવવા અંગે વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનના બોર્ડ દ્વારા આજે બુધવારે નિર્ણય લેવાનાર છે. આ પ્લોટ પર લાંબા સમયથી યુસુફ પઠાણનો કબ્જો છે, સરકાર આ પ્લોટ યુસુફ પઠાણને ગીફટમાં આપવાની છે તેવા અહેવાલ પ્રસિધ્ધ થઈ ચુકયા છે. તો બીજી તરફ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આ મામલે ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. સાથે જ તેમણે યુસુફ પઠાણને જો આ પ્લોટ ગીફટમાં આપવામાં આવશે તો કોંગ્રેસ તેનો વિરોધ કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારી છે. અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે જો સામાન્ય વ્યકિત લાંબા સમય સુધી સરકારી જમીનનો કબ્જો કરી રાખે તો તેમની સામે લેન્ડ ગ્રેબિંગ જેવી કાર્યવાહી કરવામાં આવે છે. ભારતીય જનતા પાર્ટીમાં સામાન્ય વ્યકિત અને વીઆઈપી માટે અલગ નિયમો છે તેવો આક્ષેપ પણ ચાવડાએ કર્યો છે. અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે ભારતીય જનતા પાર્ટીનુ રાજ આવ્યુ ત્યારથી દરેક બાબતમાં બેવડા ધોરણો અપનાવવામાં આવી રહ્યા છે. નિતિ બનાવવાની હોય , બજેટની ફાળવણી કરવાની હોય, કાયદાનુ અમલીકરણ હોય કે કોઈ રાહત આપવાની વાત હોય, ગુજરાતમાં કોઈ બીપીએલ ના પરીવારને ૧૦૦ ચોરસવારનો પ્લોટ લેવો હોય તો એના પગના ચપ્પલ ઘસાઈ જાય, એની પેઢીઓ જતી રહે, પણ એને ૧૦૦ ચોરસવારનો પ્લોટ મળતો નથી. શૈક્ષણિક સંસ્થા બનાવવી હોય, સામાજિક કાર્ય કરવા માટે રાહતદરે પ્લોટ માંગવા જાઓ તો સરકાર તમને નિતિ નિયમો બતાવશે.



જો સરકારી જમીન પર શિક્ષણનુ, ધર્મ નુ કે બીજુ કોઈ કામ કરવા માટે બાંધકામ કર્યુ હોય, કબ્જો કર્યો હોય તો તમારી ઉપર લેન્ડ ગ્રેબિંગનો કેસ કરે છે. તો બીજી તરફ જો કોઈ એમના માનીતા હોય તો એમની સાથે ગોઠવણ થઈ જાય છે. તેમના માટે કાયદાના નિતિ નિયમો નેવે મુકી દેવામાં આવે છે. અમિત ચાવડાએ વધુમાં જણાવ્યુ હતુ કે ક્રિકેટર યુસુફ પઠાણે પોતાના ઘરની બાજુની સરકારી જગ્યા રહેણાક હેતુ માટે ફાળવવા માટે માર્ચ ૨૦૧૨ માં કોર્પોરેશન પાસે માંગણી કરી હતી. કોર્પોરેશન દ્વારા જમીનની કિંમત નકકી કરવામાં આવી હતી. ૨૧/૩/૨૦૧૨ એટલે માર્ચ ૨૦૧૨ માં ભાવ નકકી થયા, રૂપીયા ૫૭,૨૭૦ પ્રતિ સ્કવેરમીટર ભાવ નકકી થયા, જે બાદ સ્ટેન્ડિગ કમિટી જુન ૨૦૧૨ માં યુસુફ પઠાણને આ જમીન આપવા માટેની દરખાસ્ત કરે છે, કારણ એવુ બતાવે છે કે ભાઈ જાણીતા ક્રિકેટર છે. આપણુ નામ રોશન કર્યુ છે, એટલે જમીન આપો, આ એ વખતે યુસુફ પઠાણ કોઈ પાર્ટીમાં જોડાયેલા ન હતા. ત્યારપછી આ દરખાસ્ત શહેરી વિકાસમાં જાય છે, શહેરી વિકાસ જુન ૨૦૧૪ માં દરખાસ્ત નામંજુર કરે છે, જે બાદ યુસુફ પઠાણને કોર્પોરેશન દ્વારા ૨૦૨૪ માં નોટીસ આપવામાં આવે છે અને કહેવામાં આવે છે કે આ જગ્યા તમે ખાલી કરી દો, તમારો ગેરકાયદેસર કબ્જો છે, ૨૦૧૪ થી ૨૦૨૪ સુધી તેમની સામે કોઈ કાર્યવાહી ન થઈ, જેવા તેઓ તૃણમુલ કોંગ્રેસ માંથી સંસદ સભ્ય બને છે. એટલે તેમને નોટીસ આપવામાં આવે છે કે તમારી સામે લેન્ડ ગ્રેબિંગની કાર્યવાહી કરવામાં આવશે, નોટીસ સામે યુસુફ પઠાણ હાઈકોર્ટમાં અપીલ કરે છે, હાઈકોર્ટની સીંગલ જજ ની બેન્ચ એમની અપીલને કાઢી નાખે છે. ડબલ જજ ની બેન્ચમાં જાય છે, ત્યાં પણ એમની અપીલને ફગાવી દેવામાં આવે છે, સાથે કોર્ટ આદેશ આપે છે કે એમની પાસે જંત્રી મુજબની કિંમત વસુલ કરવામાં આવે અને તાત્કાલીક એ જમીન ખાલી કરાવો, એ જમીનની કિંમત રૂપીયા ૨૦ કરોડ થાય છે. યુસુફ પઠાણ વર્લ્ડકપ રમવા ગયા, ઘણી મેચ રમીને તેમણે ગુજરાતનુ નામ રોશન કર્યુ, પરંતુ ત્યારે સરકારે તેમનુ કોઈ સન્માન ન કર્યુ, ત્યારે એકપણ વખત આ ભારતીય જનતા પાર્ટીએ એને સન્માન કે કંઈ આપ્યુ ન હતું.

યુસુફ પઠાણ ભારતીય જનતા પાર્ટીની વિરૂધ્ધમાં હતા એટલે સરકારે તેમને નોટીસ પાઠવી, હાઈકોર્ટમાંથી પણ કોઈ રાહત ન મળી, પરંતુ તેઓ જેવા ભાજપના વોશિગ મશીનમાં દાખલ થયા કે, તેમના બધા જ પાપ ધોવાઈ ગયા, અચાનક તેમને જમીન આપવા ઠરાવ પણ થઈ ગયો, ટીએમસીમાંથી છુટા પડીને મોદી સરકારના સમર્થનમાં આવ્યા એટલે એમના માટે બધા કાયદા બદલાઈ ગયા, એના માટે વડોદરાની પ્રજાના ટેક્ષના રૂપીયાથી એકઠી થયેલી પૈસાની તીજોરી ખુલ્લી મુકી દેવામાં આવી, જે જમીન ખેડુતની ૪૦ ટકા કપાતવાળી છે, જયાં કોઈ સ્કુલ, બાગ કે હોસ્પિટલ બનાવવાની હતી તે હવે યુસુફ પઠાણને મફત આપવાનુ નકકી થયુ છે. આ માટે રૂપીયા ૫૦૦ પ્રતિ ૫૦૦ ચો.મીટરના દરે જમીન આપવાનુ નકકી થયુ છે. જે બજાર કિંમતના પપ ટકા થાય છે. બીજા લાભો આપવાની વાત પણ થાય છે, આજે બુધવારે બોર્ડ બેઠકમાં અમારા કોર્પોરેટરો એનો સખત વિરોધ કરશે. સરકાર એમાં આગળ વધશે અને આ જ રીતે પ્રજાના પૈસાની તીજોરી ખુલ્લી મુકશે તો આખા ગુજરાતમાં તેનો વિરોધ કરીશું.

સુપ્રીમ કોર્ટના નિર્ણયથી કેસમાં નવો વળાંક

ફેક જન્મ પ્રમાણપત્ર કેસમાં આઝમ ખાનને સુપ્રીમ કોર્ટની રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાનને ફેક જન્મ પ્રમાણપત્ર કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે મંગળવારે ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય સામે દાખલ કરવામાં આવેલી અપીલ ફગાવી દીધી છે. હાઈકોર્ટે આઝમ ખાનની સજા પર રોક લગાવી હતી. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ આઝમ ખાનને મળેલી રાહત યથાવત રહેશે.જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ શીલ નાગુની બેન્ચે આઝમ ખાનની પત્ની તન્ઝીન ફાતમા અને પુત્ર અબ્દુલ્લા આઝમ ખાનને પણ રાહત આપી છે. બંનેએ તેમની સજા પર સ્ટે આપવાનો ઈનકાર કરનાર અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. સુપ્રીમ કોર્ટે તેમની અપીલ મંજૂર કરીને તેમની સજા પર પણ રોક લગાવી છે.

આ સમગ્ર મામલો ૩ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ નોંધાયેલી ફરિયાદથી શરૂ થયો હતો. ફરિયાદી આકાશ સક્સેનાએ આરોપ લગાવ્યો હતો કે આઝમ ખાન અને તેમની પત્નીએ તેમના પુત્ર અબ્દુલ્લા આઝમ ખાન માટે બે અલગ-અલગ જન્મ પ્રમાણપત્ર બનાવડાવ્યા હતા. આ મામલે તપાસ બાદ આઝમ ખાન, તન્ઝીન ફાતમા અને અબ્દુલ્લા આઝમ ખાન સામે કેસ ચાલી રહ્યો હતો.

નીચલી અદાલતે ફેક જન્મ પ્રમાણપત્ર કેસમાં આઝમ ખાન, તેમની પત્ની અને પુત્રને દોષિત ઠેરવી ત્રણેયને સાત વર્ષની જેલની સજા ફટકારી હતી. ત્યારબાદ આઝમ ખાને આ ચુકાદાને અલ્હાબાદ હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307 (M)9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

ભાવનગર ટર્મિનસ–છપરા વચ્ચે ૧૮ નવેમ્બરના રોજ દોડશે એક તરફી સ્પેશિયલ ટ્રેન

છઠ પૂજા અને દિવાળીની મોસમ દરમિયાન મુસાફરોની સુવિધા માટે વિશેષ ભાડા સાથે થશે સંચાલન

પશ્ચિમ રેલવે દ્વારા છઠ પૂજા અને દિવાળીની મોસમ દરમિયાન મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને તેમની સુવિધા માટે ભાવનગર ટર્મિનસ અને છપરા વચ્ચે એક તરફી સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૦૯૬૧૪ ભાવનગર ટર્મિનસ–છપરા વન-વે સ્પેશિયલ ૧૮ નવેમ્બર, ૨૦૨૬ (બુધવાર)ના રોજ ભાવનગર ટર્મિનસથી સવારે ૧૦:૧૫ કલાકે ઉપડશે અને ૨૦ નવેમ્બર, ૨૦૨૬ (શુક્રવાર)ના રોજ સવારે ૦૪:૩૦ કલાકે છપરા પહોંચશે. આ ટ્રેન ધોળા, બોટાદ, વિરમગામ, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, ઈદગાહ આગ્રા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, વારાણસી, ઔડિહાર, ગાઝીપુર સિટી અને બલિયા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ શ્રેણીના કુલ ૧૮ કોચ હશે.

આ ટ્રેનના ટિકિટનું બુકિંગ શરૂ થઈ ગયું છે. મુસાફરોને વિનંતી છે કે ટ્રેનના સ્ટોપેજ અને સમયપત્રકની વિગતવાર માહિતી માટે રેલવેની વેબસાઇટ **www. enquiry. indianrail. gov.in** અથવા **NTES** એપનો ઉપયોગ કરે.

મંત્રી પ્રવિણ માળીની ભલામણને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી લીલીઝંડી આપતા ન હોવાનું પી એ એ કર્યો ઘટસ્ફોટ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના મંત્રીઓની અંદરખાને ચાલતો મતભેદ કે જાતિવાદ જે હોય તે પરંતુ હાલમાં અંદરખાને ચાલતા વિવાદને કારણે પ્રજાના કામો ખોરંભે ચડયા હોવાની ફરીયાદો ઉઠી રહી છે. સાબરકાંઠા જિલ્લાની મંત્રી પી સી બરંડા દ્વારા મંત્રી પ્રવિણ માળીને કરેલી ભલામણ છેલ્લા એકાદ વરસથી મંત્રીના કાર્યાલયે ધુળ ખાઈ રહી છે. તો બીજી તરફ મંત્રી પ્રવિણ માળીના



પીએસ દ્વારા એવુ પણ કહેવામાં આવ્યુ હતુ કે આ ભલામણ માટે મંત્રી પી સી બરંડા દ્વારા ફોન થી તેમજ પત્ર લખી ભલામણ કરેલી હતી. આ ભલામણ અમોએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના કાર્યાલયે છેલ્લા એકાદ મહિનાથી મોકલી આપેલ છે. તો બીજી તરફ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ના પી એ ના કાર્યાલયે કંઈક રંધાયુ હોય જેને લઈ મંત્રી પી સી બરંડા અને મંત્રી પ્રવિણ માળીની ભલામણ ને લીલીઝંડી આપવામાં ન આવતા ચર્ચાનો દોર શરૂ થવા પામ્યો છે. તો બીજી તરફ મંત્રીઓની ભલામણો ને ધ્યાને ન લેનાર જી એસ આર ટી સી ના જનરલ મેનેજરની સરકાર દ્વારા બદલી કરી દેવામાં આવી હતી. તેના રોષને લઈ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ના પી એ દ્વારા મંત્રીઓની ભલામણોને ધ્યાને લેવામાં આવતી ન હોવાનું પણ ચર્ચાઈ રહ્યુ છે. આમ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સ્ટાફના કારણે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની છબી ખરડાતી હોવાની ચર્ચાએ જોર પકડયુ છે.

પાટણમાં દિન દહાડે સનસનાટીભરી ઘટના : રોટલીયા હનુમાન વિસ્તારમાં ૫ થી ૬ રાઉન્ડ ફાયરીંગ થી વેપારીઓમાં ભય નો માહોલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પાટણ શહેરમાં આજે મંગળવારે એક ચોંકાવનારી ઘટના બનવા પામી હતી. પાટણ શહેરના વ્યસ્ત ગણાતા રોટલીયા હનુમાન મંદિર અને શ્રેય મોલ નજીક વહેલી સવારે અજાણ્યા બુકાનીધારી શખ્સો દ્વારા ખુલ્લેઆમ ૫ થી ૬ રાઉન્ડ ફાયરીંગ કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. ધોળા દિવસે થયેલા હુમલાને કારણે સ્થાનિક રહીશો અને વેપારીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.



આ ઘટના અંગે મળતી માહિતી અનુસાર પાટણના રોટલીયા હનુમાન વિસ્તારમાં આવેલા ખાનગી કોમ્પ્લેક્ષ અને શ્રેય મોલ પાસે બાઈક પર સવાર થઈને આવેલા બે અજાણ્યા બુકાનીધારી શખ્સોએ આ હુમલો કર્યો હતો. આ હુમલામાં વામૈયા ગામના દલપુજી નામના વ્યકિતને નિશાન બનાવવામાં આવ્યા હોવાનુ બહાર આવ્યુ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે આજુબાજુના વિસ્તારોના સીસીટીવી કુટેજની ચકાસણી હાથ ધરી હતી. જેમાં બાઈક સવાર બે બુકાનીધારી શખ્સો ફાયરીંગ કરતા નજરે પડયા હતા. પોલીસ તપાસ દરમિયાન ઘટનાસ્થળે થી ફુટેલા કારતુસ પણ મળી આવ્યા હતા. જે હુમલો કેટલો ગંભીર હશે તેનો આભાશ કરાવે છે.

ઘટનાની જાણ થતા જ પાટણ જિલ્લા પોલીસ વડા સહિત એલસીબી, એસઓજી અને બી ડીવીજન પોલીસ સ્ટેશનનો મોટો કાફલો તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસવડા અને તપાસકર્તા અધિકારીઓએ ઘટનાસ્થળે પહોચીને બારીકાઈથી તપાસ હાથ ધરી હતી. પોલીસે ઘટનાસ્થળે થી પુરાવા એકત્ર કરવાની સાથે સીસીટીવી કુટેજના આધારે ફરાર થઈ ગયેલા હુમલાખોરોની ઓળખ કરવાનુ અને તેમને ઝડપી પાડવાનુ કામ શરૂ કરી દીધુ છે. ફાયરીંગની ઘટના કયા કારણોસર બની અને કોની અદાવત કરવામાં આવી છે તેને લઈને પોલીસ સવાલોના જવાબ શોધવામાં લાગી છે. પ્રાથમિક માહિતી અનુસાર પાટણમાં બનેલી જુની ઘટનામાં જુની દુશ્મની કે અંગત અદાવત હોઈ શકે છે. પરંતુ પોલીસ તમામ પાસાઓથી તપાસ કરી રહી છે. આ બુકાનીધારી હુમલાખોરો કોણ હતા અને કયાંથી આવ્યા હતા તે દિશામાં પોલીસે જીણવટભરી તપાસ હાથ ધરી છે.

ભાજપમાં મુળ કાર્યકરોની અવગણના: કોંગ્રેસથી આવેલા નેતાઓને સન્માનની લાલ જાજમ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગઈ કાલે સોમવારે કમલમ ખાતે સ્નેહમિલનનો કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં તમામ ભાજપના કાર્યકર્તાઓ, નેતાઓ અને હોદેદારો હાજર રહ્યા હતા. જેમાં એક ચર્ચાએ જોર પકડયુ હતું.



ભાજપના મંચ પર રોહન ગુપ્તા, જયારે કોંગ્રેસ છોડીને ભાજપમાં આવેલા ૮ દિગ્ગજ નેતાઓ મંચ ની સામેની ખુરશીઓ પર બેઠા હતા. નિતિન પટેલના જુના સવાલની ચર્ચા ફરી રીપીટ થઈ હતી. કોણ રોહન ગુપ્તા, જેને મેં કયારેય કમલમમાં જોયા નથી ? ભાજપના વરસોજુના કાર્યકરોમાં સળવળાટ શરૂ થયો હતો. પક્ષની અંદર ફરી એકવાર સન્માન અને સ્થાનને લઈને સવાલો ઉભા થયા છે. ગુજરાત ભાજપમાં ફરી એકવાર પક્ષના મુળ કાર્યકરો અને કોંગ્રેસમાંથી આયાત થયેલા નેતાઓને મળતા સ્થાનને લઈને ચર્ચા જાગી છે. રાજકીય મંચ પર જોવા મળેલુ એક દ્રશ્ય ભાજપના સંગઠન માટે અસહજ સવાલો ઉભા કરી રહ્યુ છે. કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા રોહન ગુપ્તા મંચ પર સ્થાન ધરાવતા જોવા મળ્યા, જયારે કોંગ્રેસમાંથી જ ભાજપમાં આવેલા ૮ દિગ્ગજ નેતાઓ મંચની સામેની ખુરશી પર બેઠેલા જોવા મળ્યા, ખાસ વાત તો એ છે કે રોહન ગુપ્તાને લઈને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે પણ અગાઉ સવાલ ઉઠાવ્યો હતો. નિતિન પટેલે કટાક્ષ કરતા કહ્યુ હતુ કે કોણ રોહન ગુપ્તા ? જેને મેં કમલમમાં કયારેય જોયા નથી. પરંતુ આજે રાજકીય સમીકરણો એવા બદલાયા છે કે એ જ રોહન ગુપ્તા કમલમના મંચ પર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને ગુજરાતના પ્રભારી તરૂણ ચુગ ની બાજુમાં ઉભેલા જોવા મળ્યા હતા.

આ દ્રશ્ય ભાજપના વરસો જુના કાર્યકરો માટે ચોકકસ ચર્ચાનો વિષય બન્યો છે. મંચ ની સામે બેઠેલા આ ૮ નેતાઓમાં બળવંતસિંહ રાજપુત, નરહરી અમીન, રાઘવજી પટેલ, કુંવરજી બાવળીયા, અર્જુન મોઢવાડીયા, અરવિંદ લાડાણી, બ્રિજેશ મેરજા અને જયરાજસિંહ પરમારનો સમાવેશ થાય છે. અહીં સવાલ માત્ર મંચ પર કોણ બેઠું અને મંચની નીચે કોણ બેઠું તેનો નથી, પરંતુ સવાલ ભાજપની વરસો જુની વિચારધારા અને સંગઠનમાં કામ કરતા મુળ કાર્યકરોના માન સન્માનનો છે. જે કાર્યકરો વરસોથી પક્ષ માટે પરસેવો પાડે છે. ચુંટણીમાં મહેનત કરે છે અને સંગઠનને મજબુત બનાવે છે. તેમને ઘણીવાર યોગ્ય સ્થાન મળતુ નથી. તેવી ફરીયાદો ઉઠતી રહી છે. તો બીજી તરફ કોંગ્રેસમાંથી ભાજપમાં પ્રવેશેલા નેતાઓને પક્ષમાં મહત્વપૂર્ણ સ્થાન અને સન્માન મળતુ હોવાની ચર્ચા કાર્યકરોમાં અસંતોષ વધારી રહી છે. શું ભાજપમાં વરસો સુધી નિષ્ઠાથી કામ કરનારા કાર્યકરો કરતા પક્ષપલ્ટો કરીને આવેલા નેતાઓનુ રાજકીય વજન વધારે છે ? શું ભાજપમાં સ્થાન મેળવવા માટે વરસોની સંગઠનાત્મક મહેનત કરતા રાજકીય પક્ષપલ્ટો વધુ અસરકારક સાબિત થઈ રહ્યો છે ? આ દ્રશ્ય ભાજપના આંતરીક વર્તુળોમાં ચર્ચાને વધુ તેજ બનાવી છે. પક્ષના નેતૃત્વ માટે પણ આ એક વિચારવા જેવો મુદ્દો છે કે જો મુળ કાર્યકરો ને જ યોગ્ય સન્માન અને સ્થાન નહી મળે તો સંગઠન પ્રત્યેની તેમની નિષ્ઠા અને ઉત્સાહ કેવી રીતે જળવાઈ રહેશે ? ભાજપમાં સત્તા અને સંગઠનના મંચ પર કોને સ્થાન મળે છે તે હવે માત્ર વ્યવસ્થાનો વિષય નથી રહ્યો. પરંતુ પક્ષના મુળ કાર્યકરોના માન સન્માન અને રાજકીય ભવિષ્ય સાથે જોડાયેલો મોટો સવાલ બની રહ્યો છે.

ટાટ-હાયર સેકન્ડરીમાં ૪૭ હજારમાંથી માત્ર ૧૬ હજાર ઉમેદવારો જ પાસ થતા ગાંધીનગરમાં મોરચો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં ટાટ હાયર સેકન્ડરી મુખ્ય પરીક્ષાના પરીણામને લઈને મોટો વિવાદ ઉભો થયો છે. રાજયભરમાંથી પરીક્ષા આપનારા હજારો ઉમેદવારો પરીણામથી અસંતુષ્ટ છે. આશરે ૪૭ હજાર ઉમેદવારોમાંથી માત્ર ૧૬ હજાર જેટલા જ પાસ થતા અને ૩૦ હજાર થી વધુ ઉમેદવારો નાપાસ જાહેર થતા પરીક્ષાર્થીઓમાં ભારે રોષ ફેલાયો છે. પરીણામ સામે વિરોધ નોંધાવવા રાજયના અલગ અલગ વિસ્તારોમાંથી ઉમેદવારો આજે મંગળવારે ગાંધીનગર પહોચ્યા હતા. ગાંધીનગરના સેકટર-૨૧ સ્થિત ગુજરાત રાજય પરીક્ષા બોર્ડની કચેરી ખાતે મોટી સંખ્યામાં ઉમેદવારોએ એકત્ર થઈ વિરોધ નોંધાવ્યો હતો. ઉમેદવારોએ



સત્તાધીશોને આવેદનપત્ર પાઠવી પરીણામની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી હતી. પરીક્ષાર્થીઓનુ કહેવુ હતુ કે તેમણે ખુબ મહેનતથી પરીક્ષા આપી હોવા છતાં પરીણામ અપેક્ષા કરતા ઘણુ ઓછુ આવ્યુ છે. ખાસ કરીને ગુણવત્તાસભર શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો, ગોલ્ડ મેડાલિસ્ટ અને પીએચડીના ઉમેદવારોના પરીણામો પણ અપેક્ષા મુજબ ન આવતા અનેક સવાલો ઉભા થયા છે. ટાટ હાયર સેકન્ડરી પરીક્ષામાં રાજયભરમાંથી અંદાજે ૪૭ હજાર જેટલા ઉમેદવારોએ ભાગ લીધો હતો. પરીણામ જાહેર થયા બાદ આશરે ૧૬ હજાર ઉમેદવારો જ સફળ થયા હોવાનુ બહાર આવ્યુ છે. જયારે ૩૦ હજાર થી વધુ ઉમેદવારો નાપાસ થયા છે. આટલી મોટી સંખ્યામાં ઉમેદવારો નાપાસ થતા પરીક્ષાની મુલ્યાંકન પધ્ધતિ સામે સવાલો ઉભા થયા છે. ઉમેદવારોનુ માનવુ છે કે પરીણામમાં જોવા મળેલી સ્થિતિની યોગ્ય તપાસ થવી જોઈએ. જેથી કોઈપણ પરીક્ષાર્થી સાથે અન્યાય ન થાય. વિરોધ કરી રહેલા ઉમેદવારોએ રાજય પરીક્ષા બોર્ડ સમક્ષ કેટલીક મુખ્ય માંગણીઓ રજુ કરી છે. તેમાં બંને પેપરના માર્ક અલગ અલગ જાહેર કરવાની માંગ સૌથી મહત્વની છે. ઉમેદવારોની અન્ય માંગણીઓમાં દરેક પરીક્ષાર્થીની ઉત્તરવહી અને આન્સર કી જાહેર કરવી, મુલ્યાંકન પધ્ધતિના નિયમો સ્પષ્ટ કરવા અને પેપર-૧ આપનારા નાપાસ ઉમેદવારોને તેમના પરીણામ અંગે વિગતવાર માહિતી આપવાનો સમાવેશ થાય છે. ઉમેદવારોના વિરોધ અને આવેદનપત્ર બાદ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આ મામલે યોગ્ય કાર્યવાહી અને તપાસ કરવાની ખાત્રી આપવામાં આવી હોવાનુ જણાવાયુ છે. હવે બોર્ડ દ્વારા આગળ શું પગલા લેવામાં આવે છે અને ઉમેદવારોની માંગણીઓ અંગે શું નિર્ણય લેવાય છે તેના પર સૌની નજર છે.

અમદાવાદની સોલા સીવીલ હોસ્પિટલ પાસે ટ્રાફિક વ્યવસ્થામાં મોટો ફેરફાર: કેપ્સ્યુલ સિસ્ટમ લાગુ થતા વાહન ચાલકોના ૮૦ સેંકન્ડ બચશે

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરના સતત ધમધમતા એસજી હાઈવે પર આવેલી સોલા સીવીલ હોસ્પિટલ પાસે સર્જાતી ટ્રાફિકજામની સમસ્યાને કાયમી ધોરણે હલ કરવા માટે ટ્રાફિક પોલીસ અને તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

સોલા સીવીલ ચાર રસ્તા પાસે હવે પરંપરાગત વ્યવસ્થાના બદલે આધુનિક કેપ્સ્યુલ સિસ્ટમ લાગુ કરીને ટ્રાફિકનુ ભારણ હળવુ કરવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થા મુજબ હવે વાહન ચાલકોને યુ-ટર્ન કે કટ લેવા માટે ૧૫૦ મીટર આગળ જવુ પડશે. જેના કારણે વાહનોની અવર જવર વધુ ઝડપી અને સુગમ બનશે. નવા ટ્રાફિક આયોજન મુજબ સોલા સીવીલ હોસ્પિટલ પાસેના ચાર રસ્તા પર સીધો કટ બંધ કરીને કેપ્સ્યુલ આકારનુ ડિવાઈડર ગોઠવવામાં આવ્યુ છે.

આ ફેરફારને કારણે જે વાહન ચાલકો યુ ટર્ન લેવા માંગતા હોય કે બીજી બાજુ જવા માંગતા હોય, તેમણે હવે અંદાજે ૧૫૦ મીટર આગળ જઈને ટર્ન લેવાનો રહેશે. તંત્રના આ આયોજનથી રસ્તો ક્રોસ કરવાની પ્રક્રિયા અત્યંત ઝડપી બની છે અને હવે વાહન ચાલકો માત્ર ૪૦ સેંકન્ડમાં જ આ રસ્તો ક્રોસ કરી શકશે. સોલા સીવીલ હોસ્પિટલ વિસ્તારમાં અગાઉ સિગ્નલ પર લાંબી કતારો લાગતી હોવાથી વાહન ચાલકોનો કિંમતી સમય વેડફાતો હતો. પરંતુ કેપ્સ્યુલ સિસ્ટમ અમલી બનતા હવે દરેક વાહન ચાલકના અંદાજે ૮૦ સેંકન્ડ બચશે.



જેનાથી ઈંધણ અને સમય બંનેની બચત થશે. સૌથી મહત્વની બાબત એ છે કે સોલા સીવીલ એક મોટી સરકારી હોસ્પિટલ હોવાથી અહી સતત ૧૦૮ સહિતની ઈમરજન્સી એમ્બ્યુલન્સની અવર જવર રહેતી હોય છે. નવી વ્યવસ્થાના કારણે હવે કટોકટીના સમયે દર્દીઓને લઈ જતી એમ્બ્યુલન્સને ટ્રાફિકજામમાં અટવાવુ નહી પડે અને તેમને તાત્કાલીક રસ્તો મળી જશે. ટ્રાફિકની ગતિ વધારવાની સાથે સાથે તંત્ર દ્વારા હોસ્પિટલમાં આવતા દર્દીઓ, તેમના સગાસંબંધીઓ અને સામાન્ય રાહદારીઓની સુરક્ષાનુ પણ પુરતુ ધ્યાન રાખવામાં આવ્યુ છે. પગપાળા રસ્તો ઓળંગતા રાહદારીઓને કોઈ મુશ્કેલી ન પડે અને અકસ્માતનુ જોખમ ન રહે તે માટે અહી સિગ્નલ વ્યવસ્થા યથાવત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રાફિકના આ નવા નિયમોથી આગામી દિવસોમાં એસજી હાઈવે પરથી પસાર થતા હજારો વાહન ચાલકોને મોટી રાહત મળશે.

મારો પક્ષ સાંભળ્યા વિના કોર્ટે આદેશ આપી દીધો: હવે ન્યાય પરથી મારો ભરોસો ઉઠી રહ્યો છે: બે દોષિતોને જામીન મળતા બિલ્કિસનુ દર્દ છલકયું

પ્રતિનિધિ,ગાંધીનગર

૨૦૦૨ ના ગુજરાત રમખાણો માં પુરા દેશમાં ખળભળાટ મચાવી દેનાર ગુજરાતના ગોધરાકાંડ દરમિયાન બિલ્કિસબાનુ ગેંગ રેપ હત્યાના બે દોષિતોને તાજેતરમાં સુપ્રિમ કોર્ટે જામીન આપી આજીવન કારાવાસથી મુકત કરતા પીડીતા બિલ્કિસબાનુએ દુઃખ વ્યકત કરી કહ્યુ હતુ કે મારો જુનો ડર જીવતો થઈ ગયો , ન્યાય થી ભરોસો ઉઠી ગયો, તેમણે કહ્યુ હતુ કે સુપ્રિમ કોર્ટના આ આદેશ સામે હું લડાઈ ચાલુ રાખીશ,

બિલ્કિસબાનુએ કહ્યુ હતુ કે



સુપ્રિમ કોર્ટે મારી વાત સાંભળ્યા વિના આ આદેશ આપ્યો છે. બિલ્કિસબાનુએ વધુમાં કહ્યુ હતુ કે મને પ્રેસ દ્વારા આ માહિતી મળી કે બે દોષિતોની સજા સસ્પેન્ડ કરી જામીન અપાયા છે, બિલ્કિસે પોતાનુ નિવેદન ગઈ કાલે સોમવારે તેના વકીલ શોભા ગુપ્તા દ્વારા જાહેર કર્યુ છે. નિવેદનમાં બિલ્કિસબાનુએ વધુમાં જણાવ્યુ હતુ કે સુપ્રિમ કોર્ટે તેને ના તો મામલામાં સુનાવણી માટે બોલાવી અને ના તો આદેશ પસાર કરતી વખતે તેની વાત સાંભળવામાં આવી, તેને આદેશની જાણકારી પણ અદાલત થી નહી બલ્કે મીડીયા રીપોર્ટ થી થઈ, બિલ્કિસે વધુમાં કહ્યુ હતુ કે સુપ્રિમ કોર્ટના આ આદેશ સામે તે પોતાની લડાઈ ચાલુ રાખશે. તેણે વધુમાં કહ્યુ હતુ કે તે આ લડાઈ પોતાના બાળકો માટે લડશે.

ભાઈપુરા-હાટકેશ્વર વોર્ડમાં રસ્તા પર પાણી ફરી વળતાં વાહનચાલકો પરેશાન

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતાં હજારો લિટર શુદ્ધ પાણીનો વેડફાટ થયો હોવાની ઘટના સામે આવી છે. ભાઈપુરા-હાટકેશ્વર વોર્ડમાં ધીરજાવસિંગ તરફ જતા મુખ્ય માર્ગ પર પાણીની પાઈપલાઈનમાં અચાનક ભંગાણ પડતાં વહેલી સવારે રસ્તા પર પાણીનો ધોધ વહેવા લાગ્યો હતો. પાણી સતત રસ્તા પર વહેતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વહેલી સવારે પાણી છોડવામાં આવ્યા બાદ અચાનક મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હતું. ત્યારબાદ હજારો લિટર પીવાનું પાણી રસ્તા પર ફરી વળ્યું હતું. લગભગ બે કલાક સુધી રસ્તા પર પાણી ભરાયેલું રહેતાં અનેક સ્થળોએ નદી જેવા દૃશ્યો સર્જાયા હતા. સવારે આશરે ૮ વાગ્યે પાણી છોડવાનું બંધ કરવામાં આવ્યું હોવા છતાં પાઈપલાઈનમાંથી બચેલું પાણી નજીકની ગટરમાં વહી રહ્યું હતું. મુખ્ય માર્ગ પર પાણી ભરાઈ જતાં ધીરજાવસિંગ તરફ અવરજવર કરતા વાહનચાલકોને મુશ્કેલી પડી હતી.

થરાદ સિવિલ હોસ્પિટલની પોલ ખુલી: એક જ બેડ પર બે દર્દીઓની સારવાર, પરિવારજનોમાં ભારે રોષ

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

રાજયમાં આરોગ્ય સુવિધાઓમાં વિકાસના દાવાઓ વચ્ચે બનાસકાંઠાના થરાદમાંથી હોસ્પિટલ વ્યવસ્થાની ચિંતાજનક તસવીરો સામે આવી છે. થરાદ સિવિલ હોસ્પિટલમાં બેડની અછતના કારણે એક જ પલંગ પર બે દર્દીઓને રાખીને સારવાર આપવામાં આવી રહી હોવાનો આક્ષેપ થયો છે. હોસ્પિટલના આ દૃશ્યો સામે આવતા દર્દીઓના પરિવારજનો તેમજ સ્થાનિક લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

મળતી માહિતી મુજબ, મંગળવારની સવારથી જ હોસ્પિટલમાં બેડની અછતની સ્થિતિ જોવા મળી હતી. આ દરમિયાન અગાઉ સારવાર માટે દાખલ કરાયેલા એક દર્દી સાથે જ બીજા દર્દીને પણ એ જ પલંગ પર સુવડાવવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે.એક જ બેડ પર બે દર્દીઓને રાખવાની સ્થિતિએ હોસ્પિટલના વહીવટ અને ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓ સામે સવાલો ઊભા કર્યા છે. ખાસ કરીને અલગ-અલગ પ્રકારની બીમારી ધરાવતા દર્દીઓને એક જ જગ્યાએ રાખવામાં આવતા પરિવારજનોમાં ચિંતા વધી છે.

એક જ પલંગ પર બે દર્દીઓને રાખવાથી સ્વચ્છતા અને ચેપ નિયંત્રણને લઈને પણ ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. જો બંને દર્દીઓ અલગ પ્રકારની બીમારીથી પીડાતા હોય તો નજીકના સંપર્કને કારણે ચેપ ફેલાવાનું જોખમ વધી શકે છે.

પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ

ઓએચઈ પ્રવૃત્તિઓ

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે મંડળ રેલવે પ્રબંધક (વિદ્યુત ટીઆરડી), પશ્ચિમ રેલવે, પ્રતાપ નગર, વડોદરા – ૩૯૦૦૦૪ દ્વારા નીચે જણાવેલ કામો માટે ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **ટેન્ડર નં.: EL-TRD-Tender-25-26-38-1-2R તારીખ: 13/11/2026 કામનું નામ:** વડોદરા વિભાગ : સુરત-ગેરતપુર અને વડોદરા-ગોધરા સેક્શનમાં નોન-કોર નોન-પાવર બ્લોક OHE પ્રવૃત્તિઓ. **કામની અંદાજિત કિંમત:** ₹ ૧,૮૦,૯૩,૬૬૭/- **બિડ સિક્યોરિટી રકમ:** ₹ ૩,૬૧,૯૦૦/- **ટેન્ડર દસ્તાવેજોની કિંમત અને કામ પૂર્ણ કરવાની મુદત:** કામ પૂર્ણ કરવાની મુદત ૨૪ મહિના. **ટેન્ડરનું સમયપત્રક:** ટેન્ડર બંધ થવાની તારીખ ૧૬/૧૨/૨૦૨૬ અને તે જ દિવસે બંધ થવાનો સમય ૧૫:૦૦ કલાકે. **વેબ પેજની વિગતો તથા સંપૂર્ણ વિગતો જોઈ શકાય તે સ્થળની માહિતી, કચેરીનું સરનામું અને સ્પષ્ટતા:** વેબસાઈટ: **www.ireps.gov.in** મંડળ રેલવે પ્રબંધક (વિદ્યુત ટીઆરડી), પશ્ચિમ રેલવે, પ્રતાપ નગર, વડોદરા – ૩૯૦૦૦૪ **BRC-307**

અમને ફોલો કરો: facebook.com/WesternRly

સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ

સાબર ડેરી, સબ પોષ્ટ : બોરિયા, હિંમતનગર - ૩૮૩૦૦૬. (ગુજરાત) સાબરડેરીના આધુનિક પ્લાન્ટમાં પેક થયેલ પેશ્ચ્યુરાઈઝડ દૂધ અને છાપ વાપરવાનો હંમેશા આગ્રહ રાખો

- અમૂલ દૂધ - અમૂલ ગોલ્ડ (૬% ફેટ), અમૂલ શક્તિ (૪.૫% ફેટ), અમૂલ તાઝા (૩% ફેટ)
- અમૂલ છાશ તેમજ અમૂલ ઈકો છાશ ગુણકારી તત્ત્વોથી ભરપૂર
- અમૂલ યુ.એચ.ટી.મિલ્ક (ટ્રેટા પેક- તાઝા/ગોલ્ડ) ફ્રીઝમાં રાખ્યા સિવાય પણ ઉપયાગમાં લઈ શકાય
- અમૂલ પ્રોબાયોટિક છાશ અને પ્રોબાયોટિક લસ્સી પાચનમાં સુધારો કરે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે

સાબરડેરી ફોન : ૦૨૭૭૨-૨૨૬૦૫૧/૬૦
email : amul@sabardairy.coop
સાબરદાણ : ૨૨૬૦૬૧

શ્રી સુભાષચંદ્ર વી. પટેલ
મેનેજીંગ ડીરેક્ટર

શ્રી ઋતુરાજ ડી. પટેલ
વાઈસ ચેરમેન

શ્રી શામળભાઈ બી. પટેલ
ચેરમેન



- અમૂલ દૂધ
- અમૂલ છાશ
- અમૂલ પ્રોબાયોટિક છાશ
- અમૂલ પ્રોબાયોટિક લસ્સી
- અમૂલ મસ્તીદહીં
- અમૂલ શ્રીખંડ
- અવસર માવો
- અમૂલ સ્કીમ મિલ્ક પાવડર
- અમૂલ સ્પ્રે (ઈન્ફન્ટ મીલ્ક ફુડ)
- અમૂલ હોલ મિલ્ક પાવડર
- અમૂલ્યા પાવડર (ટી વ્હાઈટનર)
- અમૂલ ફૂલ
- અમૂલ ઘી
- અમૂલ ફ્રેશ પનીર
- અમૂલ બટર

નૂતન વર્ષાભિનંદન

નશા ના રવાડે ચડેલું યુવાધન ગુજરાત ના નશામુક્ત અભિયાન ના ધજીયા ઉડાડી રહ્યું છે?

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

આજના અખબારમાં એક ચોંકાવનારા સમાચાર વાંચ્યા કે હોસ્ટેલ માં રહી અભ્યાસ કરતી યુવતીઓ માં ૯ માંથી છ યુવતીઓ ડ્રગ્સના રવાડે ચઢીને પરિવારને ચિંતામાં મુકી રહી છે. અને આ સમાચારો ગુજરાત રાજ્યના છે નહીં કે અન્ય શહેરના. કેટલું શરમજનક કહેવાય કે એક બાજુ ગુજરાત સરકાર લાંબા વર્ષોના વાયદા કરી ગુજરાત ને ફલાણી સાલમાં નશામુક્ત કરી દઈશું ના બણગાં ફૂંકી રહી છે. ત્યારે વાસ્તવિકતા કંઈક જુદુ જ કહી રહી છે. એ સાથે આપણે લગભગ રોજ અખબારો માં વાંચીએ છીએ કે જે તે શહેરમાં, લાખો કે કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાયું. શહેરો માં આટલું બધું ડ્રગ્સ આવે શા માટે? એનો બહોળો વપરાશ થતો હોય તો જ આવે ને! અને બંધાણ ને (આદત) કારણે ચોક્કસ સમયે ડ્રગ્સ ન મળે ત્યારે આ ટીનેજર્સ અપરાધ ખોરી તરફ વળી જાય છે.

હવે આ મુદ્દો ધ્યાન માં લેવા જેવો છે. એક તરફ વિદ્યાર્થીઓમાં ખરી ખોટી હતાશા (ડિપ્રેશન) ના પગલે વધી રહેલી આત્મહત્યા અને બીજી તરફ વ્યસન તેમજ અપરાધ ખોરી. આમ સમાજ માં એક જુદા પ્રકારના કેન્સરના વાઈરસ ફેલાઈ રહ્યા છે ત્યારે વડીલો, સમાજ સેવકો કહેવાતા લોકપ્રતિનિધિઓ કે સમાજ ના મોવડીઓ આ અનિષ્ટને નિર્મૂળ કરવા કશું કરતાં નથી. અથવા કહો કે કરી શકતા નથી. એવા સમયે થોડાક યુવાનોનો સમજી વિચારીને પુખ્તવયે સંસારનો ત્યાગ કરવાનો નિર્ણય આવદાયક ન ગણાય? ડ્રગ્સના રવાડે ચઢી આત્મહત્યા કરે એના કરતાં દીક્ષા લે તો સોનામાં સુગંધ ભળે?

આ બાબતે જો સ્વસ્થતાથી વિચારવામાં આવે તો આ બે વિકલ્પો છે. પહેલો વિકલ્પ હતાશાથી જીવનદોરી ટૂંકાવી દેવાનો અને બરબાદ થવાનો બીજો વિકલ્પ છે. સમાજકલ્યાણ અને આત્મ-કલ્યાણ થી ભવિષ્ય ઉજ્જ્વળ કરવું.

સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રી અને સુરત શહેર પોલીસ કમિશનર શ્રીને આવેદન પત્ર આપવામાં આવ્યું

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા) સુરત

સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા સુરત મહાનગરપાલિકાના કમિશનર શ્રી અને સુરત શહેર પોલીસ કમિશનર શ્રીને એક પત્ર પાઠવવામાં આવ્યો છે.જે પત્રમાં જણાવવામાં આવ્યું છે કે સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા કર્મચારીઓ, કામદારો તથા યુનિયનોના પ્રશ્નો લાંબા સમયથી પડતર છે.જે અંગે વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવેલ છે. મ્યુનિસિપલ કમિશનર શ્રી સાથે આ અંગે મીટીંગ કરી જરૂરી ચર્ચા વિચારણા પણ કરવામાં આવેલ છે.પરંતુ દુઃખ સાથે જણાવવાનું કે,અમારા એક પણ પ્રશ્નનું નિરાકરણ આવેલ નથી,જેથી અમારે નાછૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે અહિંશક આંદોલનનો માર્ગ અપનાવવાની ફરજ પડી છે. જેની શરૂઆત અમો આગામી તારીખ ૩૦/૧૧/૨૦૨૬થી કરવા જઈ રહ્યા છીએ. સુરત મહાનગર પાલિકાની મુખ્ય કચેરી ખાતે આવેલ મ્યુનિસિપલ કમિશનર શ્રીની કચેરી પાસે,તારીખ ૩૦/૧૧/૨૦૨૬ને સોમવારે બપોરે ૩:૦૦ થી ૬:૩૦ કલાક સુધી પ્રતિક ઘરણાનો કાર્યક્રમ કરવામાં આવશે. તેમ છતાં પણ અમારી માંગણીઓનું નિરાકરણ નહિ આવશે તો,આગામી દિવસોમાં સમગ્ર સુરત શહેરની સફાઈ કામગીરી બંધ કરવાનું એલાન આપવામાં આવશે. તેમજ એક દિવસ તમામ કર્મચારીઓને સામુહિક સી.એલ. (C.L) ઉપર જવાનું એલાન આપવામાં આવશે. સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે આવેલ યુનિયનોની ઓફિસોનો, સુરત મહાનગર પાલિકા દ્વારા તારીખ ૧૯/૨૦-૧૧-૨૦૨૫ નારોજ ગેરકાયદેસર રીતે ઓફિસોના તાળા તોડી, ઓફિસોનો તમામ માલ-સામાન બહાર ફેંકીને અડધી રાત્રે ગેરકાયદેસર રીતે કબ્જો લઈ લેવામાં આવેલ છે. જે અંગે યુનિયનો તરફથી તારીખ ૨૦/૧૧/૨૦૨૫ નારોજ લાલગેટ પોલીસ સ્ટેશન ખાતે તથા ત્યારબાદ પોલીસ કમિશનર શ્રી સુરત શહેરને પણ લેખિત રજુઆતો તેમજ ડી.જી.પી શ્રી ગુજરાત રાજ્યને ઈમેલ દ્વારા વારંવાર લેખિત રજુઆતો કરવામાં આવેલ છે.છતાં પણ આજદિન સુધી આ બનાવ અંગેની અમારી એફ.આઈ.આર.(F.I.R.) દાખલ કરવામાં આવેલ નથી.જેથી તારીખ ૩૦/૧૧/૨૦૨૬ સુધીમાં અમારી એફ.આઈ.આર.(F.I.R.) દાખલ કરવામાં નહિ આવશે તો,ડીસેમ્બર - ૨૦૨૬ ના માસમાં પોલીસ કમિશનર શ્રી - સુરત શહેરની કચેરી ખાતે અમારે ધરણાનો કાર્યક્રમ કરવાની ફરજ પડશે.

ઝભ્ભા પહેરીને માત્ર ફરો નહીઃ લોકો વચ્ચે જઈ સંગઠન મજબુત કરોઃ કમલમ માં ભાજપ યુવા નેતાઓનો ઉધડો લેવાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

પ્રદેશ ભાજપ કાર્યાલયે કમલમ ખાતે ગઈ કાલે દિવાળી સ્નેહમિલન કાર્યક્રમ અગાઉ ભારતીય જનતા યુવા મોરચાની બેઠક મળી હતી. આ બેઠકમાં પ્રદેશ પ્રભારી તરૂણ ચુગ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિતના ટોચના નેતાઓની ઉપસ્થિતિમાં યુવા મોરચાના હોદેદારોનો ઉધડો લેતા સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરવામાં આવી હતી કે માત્ર ઝભ્ભા પહેરીને ફરવાને બદલે જમીની સ્તરે લોકો વચ્ચે જઈને સંગઠનને મજબુત કરો, પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠક હોવા છતાં ૧૦ થી ૧૨ જેટલા જિલ્લા પ્રમુખો ગેરહાજર રહ્યા હતા. શિસ્તબધ્ધ ગણાતી પાર્ટીમાં યુવા પાંખના



પ્રમુખોની આ ઉદાસીનતાની પ્રદેશ નેતૃત્વએ ગંભીર નોંધ લીધી છે અને આગામી દિવસોમાં આ મામલે જવાબ માંગવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે. મતદાર યાદી સુધારણા કાર્યક્રમને લઈને કોંગ્રેસ સહિતના વિપક્ષો દ્વારા સરકાર અને ચુંટણીપંચ સામે જે રીતે આક્રમક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. તેને ખાળવા માટે ભાજપે હવે યુવા મોરચાને મેદાને ઉતારવાનો તખ્તો તૈયાર કર્યો છે. બેઠકમાં યુવા નેતાઓની સર મુદે વિપક્ષના આક્ષેપોનો જડબાતોડ જવાબ આપવા અને લોકો સુધી સાચી માહિતી પહોચાડવા રણનીતી સોંપવામાં આવી છે. જે અંતર્ગત ગુજરાતની દરેક વિધાનસભા બેઠક પર યુવા સંવાદ કાર્યક્રમનુ આયોજન થશે.

આ મંચ પરથી યુવાનો સાથે સીધી વાત કરીને સર પ્રક્રિયા શું છે, તેનો મુખ્ય હેતુ શું છે અને તેની કામગીરી કેવી રીતે ચાલે છે તેની સમજ આપવામાં આવશે. યુવા મોરચાના હોદેદારો અને કાર્યકરો સ્કુલો અને કોલેજોમાં જઈને યુવા વિદ્યાર્થીઓને સર અંગે જાગૃત કરશે. હવે જોવાનુ એ રહેશે કે પ્રદેશ નેતાઓની આ કડક ટકોર બાદ ભાજપની યુવા પાંખ માત્ર સોશીયલ મીડીયા પુરતી સિમિત રહે છે કે ખરા અર્થમાં મેદાનમાં ઉતરીને વિપક્ષના આક્રમણને ખાળવામાં સફળ રહે છે.

દેશ કે રાજ્યના ઉચ્ચ રાજકીય નેતાઓ જ જ્યારે પોતાના નિવાસ સ્થાન કે જાહેર કાર્યક્રમોના સ્થળે અસુરક્ષિતતા અનુભવતા હોય તો સામાન્ય નાગરિકની સુરક્ષાનું શું?

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

દેશના પશ્ચિમ બંગાળના કોલકત્તામાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજી ની સુરક્ષા સાથે જોડાયેલી તાજેતરની ઘટનાએ સમગ્ર રાજ્ય અને દેશ માટે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ વીઆઈપી સુરક્ષા પ્રણાલી પર ગંભીર સવાલો તો ઉભા કર્યા જ છે. પણ દેશવાસીઓમાં ભય પણ ઉભો કર્યો છે. આતો માત્ર એક ઘટના છે એ પહેલા કેજરીવાલ સહિત કંઈ કેટલાય નેતાઓ ને પણ આવા અનુભવો થયા છે. પરંતુ પોલીસ કે રાજ્ય પ્રશાસને આ મામલાને માત્ર "મળવાની ઘેલછા" કે "માનસિક અસ્થિરતા" જેવા બહાના આગળ ધરીને બંધ કરી દેવાને બદલે તેની ઊંડાણપૂર્વક, તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવી જોઈએ. ઉપરાંત મળવા આવનાર વ્યક્તિનો ઈરાદો ધારોકે નેતા ઉપર હુમલો કરવાનો કે મારવાનો જ હોત તો શું? જેથી આખી ઘટના પાછળનું સાચું ચિત્ર જનતા સમક્ષ આવી શકે એ માટે મમતા બેનરજી સુધી પહોંચેલી મહિલા આટલી જડબે સલાક સુરક્ષા હોવા છતાં પહોંચી કેવી રીતે? તેની પાછળ કોઈનું ઉશ્કેરણીજનક ષડયંત્ર હતું કે કેમ અને સુરક્ષા પોઈન્ટ પર કયા અધિકારીની બેદરકારી હતી તે તમામ બાબતો ની જવાબદારી નક્કી થવી અનિવાર્ય છે.

આમ લોકશાહી શાસનમાં વૈચારિક મતભેદો, નીતિગત અસહમતિ અને સરકાર કે નેતા સામે વિરોધ પ્રદર્શન કરવાનો દરેક નાગરિક ને રાજકીય પક્ષ ને સંપૂર્ણ લોકતાંત્રિક અધિકાર છે. પરંતુ જ્યારે આ અસહમતિ કે રાજકીય વિરોધ હિંસા, ભય, સશસ્ત્ર ઘૂસણખોરી કે કોઈ અપ્રિય ઘટનાની સીમાઓ વટાવવા લાગે છે ત્યારે તે સમગ્ર લોકશાહી ના મૂળભૂત માળખા માટે અતિ ગંભીર ખતરો બની જાય છે. અને આનો ભોગ પત્રકારો, RTI એક્ટીવિસ્ટો, સામાજીક આગેવાનો બનેલા છે અને જાન ગુમાવ્યો છે. હિંસા કે અસુરક્ષાનું વાતાવરણ ક્યારેય સમાજ કે રાજ્યના હિતમાં હોઈ શકે નહીં, માત્ર શાંતિ અને સલામતીનું વાતાવરણ એજ સાચી લોકશાહીની નિશાની છે.

દહેગામના નાંદોલ ગામે ભોંયરામાંથી ૧૪.૪૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં દારૂબંધીના કાયદાનો ભંગ કરીને ગેરકાયદે દારૂનો વેપાર કરતા તત્ત્વો સામે પોલીસ દ્વારા કાર્યવાહી તેજ કરવામાં આવી છે. ગાંધીનગર લોકલ કાઇમ બ્રાન્ચ (LCB-૧)ની ટીમે દહેગામ તાલુકાના નાંદોલ ગામે મોટી રેડ કરી વિદેશી દારૂના ગેરકાયદે જથ્થાનો પર્દાફાશ કર્યો છે. પોલીસને બાતમી મળી હતી કે ગામની સીમમાં આવેલા એક મકાનની બાજુની ઓરડીમાં ભોંયરું બનાવી વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. આ બાતમીના આધારે દરોડો પાડતાં પોલીસને ૧૪.૪૨ લાખ રૂપિયાથી વધુ કિંમતનો મુદ્દામાલ મળી આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, નાંદોલ ગામની સીમમાં આવેલા નીલકંઠ મહાદેવના છપરા પાસે આરોપી રણજીતસિંહ દિનેશજી ઠાકોરના ઘરની બાજુમાં આવેલી ઓરડીમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડવામાં આવ્યો હતો. પોલીસની LCB-1 ટીમે સ્થળ પર તપાસ કરતાં ઓરડીમાં બનાવેલા ગુપ્ત ભોંયરામાંથી વિદેશી દારૂ અને બિયરના ટીન મળી કુલ ૮,૭૪૪ નંગનો જથ્થો મળી આવ્યો હતો.

દરોડા દરમિયાન પોલીસે વિદેશી દારૂ અને અન્ય સામગ્રી સહિત કુલ ૧૪.૪૨ લાખ રૂપિયાથી વધુ કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ખેરાલુ-વિસનગર હાઈવે પર દારૂ ભરેલી ફોર્ચ્યુનરનો આતંકઃ બાઈકચાલકનું મોત; મહિલાને ગંભીર ઈજા

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણા જિલ્લાના ખેરાલુ-વિસનગર હાઈવે પર ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. પૂરપાટ ઝડપે આવી રહેલી દારૂ ભરેલી ફોર્ચ્યુનર કારે બાઈકને જોરદાર ટક્કર મારતાં બાઈકચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક પર પાછળ બેઠેલી મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. અકસ્માત બાદ કારચાલક વાહન ઘટનાસ્થળે મૂકીને ફરાર થઈ ગયો હતો. બીજી તરફ, કારમાં દારૂ ભરેલો હોવાની જાણ થતાં જ લોકોનાં ટોળાં એકઠાં થયાં હતાં અને પોલીસ પહોંચે તે પહેલાં જ કારમાંથી દારૂની લૂંટ ચલાવી હતી.

મળતી માહિતી મુજબ, ખેરાલુ તાલુકાના ચાણસોલ ગામના રહેવાસી મુકેશભાઈ સથવારા એક મહિલા સાથે બાઈક પર પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પૂરપાટ ઝડપે આવી રહેલી ફોર્ચ્યુનર કારે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે મુકેશભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.ઘટનાની જાણ થતાં ૧૧૨ પોલીસની ટીમ અને ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. જોકે, અકસ્માત સર્જ્યા બાદ ફોર્ચ્યુનર કારનો ચાલક પોતાની ગાડી ઘટનાસ્થળે મૂકીને ફરાર થઈ ગયો હતો. પ્રાથમિક માહિતી મુજબ કારમાં મોટી માત્રામાં દારૂ ભરેલો હતો.કારમાં દારૂ હોવાની વાત ફેલાતાં આસપાસના લોકોનાં ટોળાં ઘટનાસ્થળે એકઠાં થઈ ગયાં હતાં.



State Action Plan for Containment of Antimicrobial Resistance GUJARAT
Preserve Antibiotics | Protect Lives
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન



વિશ્વ એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ જાગૃતિ સપ્તાહ (તા. ૧૮–૨૪ નવેમ્બર ૨૦૨૬)

એન્ટિબાયોટિક્સનો બેફામ અને બેજવાબદાર ઉપયોગ
સુપરબગ્સને જન્મ આપે છે

કોવિડ જેવો જ ખતરનાક છે સુપરબગ્સ

આવો, એન્ટિબાયોટિક્સને બિનઅસરકારક થતાં અટકાવીએ

"સ્વસ્થ સમાજના નિર્માણ અને સુપરબગ્સ સામેની લડાઈમાં સહભાગી બનો, એન્ટિબાયોટિક્સનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરો અને દવાનો કોર્સ અવશ્ય પૂર્ણ કરો."
હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"તબીબની સલાહ વિના ક્યારેય એન્ટિબાયોટિક્સ ન લો, ગમે તેટલું સારું લાગે તો પણ અધવચ્ચે એન્ટિબાયોટિક્સ બંધ ન કરો."
પ્રફુલ પાનશેરીયા, આરોગ્ય મંત્રી, ગુજરાત સરકાર